સંશોધક
ડૉ. ક્રિષ્ના કે. સાંડપા
મદદનિષ પ્રાધ્યાપક,
ગુજરાતી વિભાગ,
ડી. એન. પી. આર્ટસ અને કોમર્સ કોલેજ, ડીસા

# રમેશ પારેખનું કાવ્યસાહિત્ય

રમેશ પારેખે માત્ર ૧૭ વર્ષની ઉંમરે એક સર્જક તરીકેની શરૂઆત કરી હતી. રમેશ પારેખે વાર્તાકાર તરીકેની ઓળખ – ખ્યાતિ મેળવી હતી. તેઓ વિવિધ પ્રકારનાં પુસ્તકો અને સામયિકોનું વાંચન કરતા. હરીન્દ્ર દવે કોલેજ દ્વારા પ્રસિદ્ધ થતા સામયિકમાં કાવ્યો – લેખો લખતાતે રમેશ પારેખ વાંચતા. આ ઉપરાંત અમરેલીની જિલ્લા લાયબ્રેરીમાં બાળપણથી કિશોરાવસ્થા સુધી ગદ્ય - પદ્યનાં વિવિધ સ્વરૂપો રમેશ પારેખે વાંચ્યાં હતાં.

મોટાભાઈ પોતાના અભ્યાસમાં આવતાં ‘કાન્ત’નાં‘ પૂર્વાલાપ'ના કાવ્ય ‘વસંત વિજય’ થી પ્રેરાઈને પ્રકૃતિવિજય' કાવ્ય લખે છે, અને ‘કુમાર’ સામયિકમાં મોકલે છે. ‘કુમાર'માં તે કાવ્ય છપાય છે. આથી રમેશ પારેખને પણ પોતાની રચના છપાય એવી ઈચ્છા જાગૃત થાય છે. પોતાની ઈચ્છાને પરિત્રામનું સ્વરૂપ આપવા રમેશ પારેખ પ્રવૃત્ત બને છે. મહા મહેનતને અંતે થોડી પંકિતઓ તેઓ કાગળ પર લખી કાઢે છે, આમ, ૧૯૬૬ માં રમેશ પારેખ કવિ બનવાની દિશામાં પ્રથમ પગલું ભરે છે.

ધીરે — ધીરે રમેશ પારેખે કવિતાઓ લખવાનું શરૂ કર્યું. પરંતુ રમેશ પારેખ “કવિ રમેશ પારેખ’ બની શકયા હોય તો તેમાં અનિલ જોશીનું માર્ગદર્શન પણ મહત્વનું સાબિત થયું હતું. ૧૯૬૬ માં અમરેલી’ નિમણૂક પામેલા આ અધિકારી મિત્ર સાથેની જુગલબંધી એ સાહિત્ય જગતમાં અનેક નવાં પરિમાણો આવ્યાં. રમેશ પારેખે કવિતા લખવાનું શરૂ તો કરી જ નાખ્યું. પરંતુ વાર્તાની જેમ તેમની કવિતાઓ હજુ સુધી છપાઈ નહોતી. અનિલ જોશીએ એમનાં કાવ્યો વાંચી નવી તરેહનાં, “કૃતિ' સામયિકમાં છપાય તેવા કાવ્યો લખવાની સલાહ આપી. રમેશ પારેખ થોડા કાવ્યો લખી મિત્ર ‘અનિલ’ને આપ્યાં. એમાનાં કેટલાંક કાવ્યો અનિલ જોશીએ રે મઠ'માં મળતા લાભશંકર ઠાકર, મનહર મોદી, ચિનુ મોદી, રાવજી પટેલ, આદિલ મન્સુરી વગેરે મિત્રોને બતાવ્યાં. એમાનાં કેટલાંક સૌને ગમ્યાં અને એક ગઝલ ‘રે મઠ’નાં‘ કૃતિ'માં પ્રસિદ્ધ થઈ. એ ગઝલનું શીર્ષક હતું ‘પરપોટો'.

રમેશ પારેખની પ્રસિદ્ધ થયેલી આ પ્રથમ કાવ્ય રચના હતી. બસ ઇતની સી કહાની મેરે પ્યાર કી, નાવ કાગઝ કી હૈ ઔર નદી આગ કી... અને ત્યાર પછી રમેશ પારેખે કદી પાછું વળી જોયું નથી. જાણે કોઈ પંખીને પાંખ ફૂટી ગઈ અને ઉડવા માટે વિશાળ આકાશ મળી ગયું હોય તેમ રમેશ પારેખે એક પછી એક, નવી તરેહની, પ્રયોગશીલતાવાળી, વિષય વૈવિધ્યવાળી કવિતાઓ રચવા માંડી. થોડા સમયમાં અનિલ જોશી પણ અમરેલી રહેવા આવ્યા. પછી તો રમેશ પારેખના કાવ્ય સર્જનમાં ભરતી આવે છે. અનિલના પ્રોત્સાહને એમનાં કાવ્ય સર્જનમાં પ્રાણ પૂર્યો. રમેશ પારેખે આધુનિક શૈલીનાં ઘણાં કાવ્યો લખ્યાં. તેમની કલમે લખાયેલા કાવ્યો ફટાફટ "કૃતિ' ઉપરાંત સંસ્કૃતિ', 'નવનીત સમર્પણ', "બુદ્ધિપ્રકાશ', "કવિ લોક', કુમાર', 'પરબ" વગેરેમાં પ્રસિદ્ધ થવા લાગ્યાં. જેમ જેમ રમેશ પારેખનાં કાવ્યો પ્રસિદ્ધ થતાં ગયાં. તેમ તેમ રમેશ પારેખની લોકપ્રિયતા પણ વધતી ગઈ. એમનાં કાવ્યોએ ખાસ તો યુવાન હૈયાઓને ખૂબ ઘેલા કર્યા. એમનાં કાવ્યોનો જાદુ કાવ્ય રસિકોનાં હૈયાઓને મુગ્ધ કરવા લાગ્યો, અને કવિ તરીકે રમેશ પારેખની પ્રસિદ્ધિ ચોમેર પ્રસરી ગઈ. રમેશ પારેખે પણ વાર્તાઓ લખવાનાં બદલે કાવ્યસર્જન પ્રત્યે વિશેષ ધ્યાન આપ્યું.

રમેશ પારેખની કવિતા માત્ર કાવ્ય રસિકોને જ નહીં, પરંતુ વિવેચકો અને પ્રકાશકોને પણ આકર્ષતી હતી. પુસ્તિકાનું પ્રકાશન કરનાર આવા જ એક ભાવક, વાંચક અને ચાહક હતાં – 'વોરા એન્ડ કંપની' વાળા. તેમણે ઈ.સ. ૧૯૬૯ માં રમેશ પારેખને પત્ર લખી તેમનો સંગ્રહ પ્રગટ કરવાની ઈચ્છા સામે ચાલીને દર્શાવી. રમેશ પારેખે તેમની ઈચ્છાને માન આપી પોતાના પ્રસિદ્ધ કાવ્યોની ફાઈલ તૈયાર કરી'વોરા એન્ડ કંપની'ને મોકલી આપી. અને ત્યાર પછીનાં વર્ષે એટલે કે ૧૯૭૦ માં રમેશ પારેખનો પ્રથમ સંગ્રહ "કયાં?' બહાર પડયો.

"કયાં?" સંગ્રહનાં તાજગીસભર કાવ્યોએ વિવેચકોને પણ આકર્ષ્યા હતા. આ સંગ્રહે ગુજરાતી કવિતા જગતમાંનોખી જ ભાત પાડનાર સંગ્રહ તરીકેની ઓળખ મેળવી. કૉલેજમાં અભ્યાસ કરતાં યુવાહૈયાઓમાં તો રમેશ પારેખનાં કાવ્યો એટલી હદે પ્રિય બન્યાં કે, ફિલ્મી ગીતોની માફક આ સંગ્રહમાંના ગીતો કોલેજોનાં સમારોહમાં ગવાતાં થયાં. યુવક - યુવતીઓને અનેક રચનાઓ તો કંઠસ્થ થઈ ગઈ. ખૂબ ટૂંકા ગાળામાં જ રમેશ પારેખનું નામ લોકપ્રિય અને પ્રસિદ્ધ કવિઓની હરોળમાં થવા લાગ્યું.

સ્વરૂપની દષ્ટિએ ઉત્તમ કહી શકાય તેવી કાવ્ય રચનાઓ 'કયાં?' સંગ્રહમાં જોવા મળે છે. "શગ રે સંકોરુ રે', 'ગોરમાને પાંચ આંગળીએ પૂજ્યાં', 'મેં મને સાંભળી', 'તારું પહેલું વરસાદ સમું આવવું', 'સમૂહ ગીત', 'તમને ફૂલ દીધાનું યાદ', 'તમે ઘેર આવ્યાને સોનલ', 'ચશ્માનાં કાચ પર', 'હોય છે' વગેરે કાવ્યો તેની કવિત્વશકિતનાં દર્શન કરાવી જાય છે. કાવ્યસંગ્રહ 'કયાં?' ને અપાર સફળતા મળી. ખાસ કરીને યુવાવર્ગને પ્રથમ સંગ્રહ દ્વારા રમેશ પારેખ સારી રીતે આકર્ષી શકયા હતા.

આ સંગ્રહને ૧૯૭૦ નાં વર્ષભરનાં શ્રેષ્ઠ કાવ્યો માટે - શ્રેષ્ઠ સંગ્રહ માટે ‘કુમાર ચંદ્રક' પ્રાપ્ત થયો. આ ઉપરાંત ગુજરાત રાજ્ય ઉત્તમ- કાવ્ય સંગ્રહ પ્રથમ પારિતોષિક (૧૯૭૦) પણ આ સંગ્રહને મળ્યું હતું.

“ફાગળની કાળઝાળ સૂકી વેળામાં તારું પહેલા વરસાદ સમું આવવું

હવે આંખોને કેમ રે ભુલાવું ?

લિંબોળી વાવીને છાંયડો ઉછેરું પણ ચોમાસું કેમ કરી લાવવું.”

આવી અનેક બળકટ ભાષાસભર કાવ્યપંકિતઓ ‘કયાં?' સંગ્રહમાં જોઈ શકાય છે. પ્રણયનાં વિવિધ સંવેદનોને, પ્રકૃતિની ભીની ભીની સુગંધ તેમાંનાં દરેક કાવ્યોમાં ઉછરતાં – ઉછળતાં જણાય છે.

‘કયાં?' સંગ્રહ પ્રગટ થયા પછીનવવર્ષ બાદ ૧૯૭૯ માં રમેશ પારેખનો બીજો કાવ્ય સંગ્રહ પ્રગટ થાય છે. “ખડિંગ' શીર્ષક હેઠળ આ કાવ્યસંગ્રહમાં રમેશ પારેખે પોતાનાં શબ્દભંડોળ, અને ભાષા પ્રભુત્વનો પરિચય કરાવ્યો છે. ગુણવત્તાની દષ્ટિએ વિદ્વજનો અને રસિકોએ તેને એક શ્રેષ્ઠ કાવ્ય સંગ્રહ તરીકે સ્વીકાર્યો એટલું જ નહીં, એ જ વર્ષે ભાવનગર યુનિવર્સિટીમાં એમ.એ.ના પાઠયપુસ્તક તરીકે પણ તેને સ્થાન મળ્યું. ૧૯૭૯ માં આ કાવ્ય સંગ્રહને ‘ઉમાસ્નેહરશ્મિ' પારિતોષિક પણ મળ્યું. તો ‘ગુજરાતી સાહિત્ય અકાદમી’ તરફથી ૧૯૭૯ માં વર્ષનાં શ્રેષ્ઠ કાવ્ય સંગ્રહ તરીકેનું પ્રથમ પારિતોષિક પણ “ખડિંગ'ને જ મળ્યું.

મને રાવજી અહીંયા ડંખ્યો અહીંયા ડંખ્યો

ઝીણું ડંખ્યો

ભીત ડંખ્યો

ઘરમાં ડંખ્યો

લયમાં ડંખ્યો

જીભે ડંખ્યો , ઓ મા...

જીવમાં ડંખ્યો , ઓ મા...

છાતી પર કરપીણ કુંડલી વાળી બેઠો ઓ મા...

ડંખ્યાનું પાંપણનો છેડો ટપટપ સૂવે ઝેર, અરેરે...

મારા લીલાઝર રૂવાડાં એકબીજાને એકબીજાને વાંભવાંભ ડંખે.”

આમ, રમેશ અને રાવજીનો એકાકાર કાવ્યપંકિત દ્વારા સુચિત થતાં લાગે છે. આ કાવ્યસંગ્રહમાં રમેશ પારેખની મૌલિકતા નિખરી આવે છે. એનાં દરેક કાવ્યોમાં હિલ્લોળાતું લયનું ઘાંસલમાંસલ મેદાન જોવા મળે છે. કેટલીક વિશિષ્ટ પ્રકારની નવલ વિષયોવાળી – પ્રયોગોવાળી રચના પણ આ સંગ્રહમાં છે.

' આ કાવ્યસંગ્રહનાં 'આ શહેર', 'હોય તો શું?', 'હસ્તાયણ', 'હથઈળી બહુ હેમવાળી જગા', ઈચ્છા', 'વળગ્યું છે ઝૂર મારું ઝૂર કાઢો', 'એક પ્રશ્નગીત', 'વરસાદ ભીંજવે', 'ફાંસી પહેલાની ઈચ્છા', મારા હેરાનું ઘરેણું', 'રાવજીનો કાવ્યસંગ્રહ વાંચતાં...', "મરણોત્તર', 'પત્ર' વગેરે કાવ્યો રમેશની અંદર ફાટફાટ થતી સર્જકતા દર્શાવે છે. વિષયવૈવિધ્ય, ભાષાપ્રભુત્વ, પ્રવાહિતા, પ્રાસાદિકતા વગેરેની દષ્ટિએ આ સંગ્રહ રમેશ પારેખની સિદ્ધિરૂપ સંગ્રહ છે.

ઈ.સ. ૧૯૮૦ માં રમેશ પારેખ ગુજરાતી સાહિત્યને પોતાનો ત્રીજો કાવ્યસંગ્રહ 'ત્વ' આપે છે. ઉપરોકત બને સંગ્રહની તોલે આ સંગ્રહ થોડો વધુ પ્રયોગશીલ જણાય છે. 'સવારમાં', 'કોને ખબર', 'ન મોકલાવ', 'લખો' જેવી રચનાઓમાં પ્રકૃતિનાં તત્ત્વો ખુબ સુંદર રીતે ગુંથ્યા છે. કલાતત્ત્વની દષ્ટિએ પણ કવિ રમેશને આ સંગ્રહમાં સિદ્ધ થયેલા જોઈ શકાય છે.

૧૯૮૦ માં પ્રકટ થયેલાં આ સંગ્રહને એ વર્ષનો હાનાલાલ પારિતોષિક, અને ગુજરાતી સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક મળ્યાં. તે પછી ૧૯૮૧ નાં વર્ષમાં રમેશ પારેખ 'સનનન' સંગ્રહ આપે છે. આમ ત્રણ વર્ષનાં ગાળામાં ત્રણ સંગ્રહો દ્વારા તેની સૃજનશકિત, ક્ષમતા, શબ્દભંડોળ અને કલ્પનશકિત તથા ભાષા પ્રભુત્વનાં આપણને દર્શન થાય છે.

૧૯૮૫ માં રમેશ પારેખે ગુજરાતી કવિતા ક્ષેત્રે સાવ નોખી જ ભાત પાડતો એક વિશિષ્ટ અને વિલક્ષણ ભાષા પ્રયોગોવાળો કાવ્યસંગ્રહ 'ખમ્મા આલ્લા બાપુને' આપ્યો. ગુજરાતી કવિતા જગતમાં આ પહેલા આ પ્રકારનો કાવ્યસંગ્રહ કયારેય પ્રસિદ્ધ થયો નહોતો. આ સંગ્રહને અને સાથે - સાથે 'આલાખાચર' નામના પાત્રને પણ ખૂબ પ્રસિદ્ધિ મળી. રમેશ પારેખે 'આલા ખાચર'નાં લોકપ્રિય પાત્રને ખૂબ જ સચોટ રીતે, વેધક રીતે ઉપસાવ્યું છે. આ સંગ્રહમાં રમેશની ભાષા સભાનતા સંગ્રહિત થયેલી છે 'આલા ખાચરની સવાર', આલા ખાચરનું ઉડ્ડ', 'બાપુ ધગી ગયા' વગેરે જેવાં અનેક કાવ્યોમાં લોકપ્રિયતા મેળવી – સફળતા મેળવી. આ સંગ્રહને ૧૯૮૫ નાં વર્ષનો 'ક્રિટીકસ એવોર્ડ એનાયત થયો. રમેશ પારેખની આખી સર્જનયાત્રા દરમ્યાન 'ખમ્મા આલા બાપુને' એક મહત્વનો મુકામ સાબિત થાય છે.

ઈ.સ. ૧૯૮૬ માં રમેશ પારેખનો અધાત્મભાવ પ્રસ્તુત કરતો સંગ્રહ 'મીરાં સામે પાર' પ્રગટ થયો. મધ્યકાલીન કવિતા સાહિત્યનાં પાત્રને આધુનિક સંદર્ભે રજૂ કરી રમેશ પારેખે પોતાની પ્રતિભાનાં દર્શન કરાવ્યાં છે.

"કંકુમાંને ગેરુમાં શું ફેર ?
હે મીરાબાઈ કંકુમાંને ગેરુમાં શું ફેર ?
કાગડો, કબાટ, દૂધ, દારૂની દુકાન... એવા
ભેદ નહીં આપ–માંને ભીતમાં..
ચડતલ ડૂમો કદી છાને ખૂણે ઢળે એમ
છતરાયો ઢળી જાય ગીતમાં

કેવો હોય અવસર ? કેવો હોય કેર ?

કંકુને ગેરમાં શું ફેર ?"

અહીં 'મીરાં' જેવા અધાત્મભાવ ધરાવતા પાત્રને આધુનિક મનુષ્યનાં સંદર્ભે રજૂ કરી તેને સાવ જડ વિચારો, વર્તન અને જીવનવાળું પાત્ર ચિતર્યું છે. "મીરાં સામે પાર' સંગ્રહને ૧૯૮૬ માં 'ગુજરાતી સાહિત્ય પરિષદ' તરફથી 'શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક અને ૧૯૮૧ માં શ્રીમતી સુલેખાબહેન શાહ પારિતોષિક એનાયત થયાં. મધ્યકાલીન પાત્ર મીરાંનાં અધાત્મભાવ સાથે રમેશ પારેખે ખૂબ સુંદર રીતે આધુનિક સંદર્ભો જોડયાં છે. આ સંગ્રહમાં કાવ્યાત્મક સૌંદર્ય સહજ રીતે પ્રગટ થાય છે. આ સંગ્રહમાં રમેશ પારેખે 'હરિગીત' છંદનો સારો એવો ઉપયોગ લીધો છે. પોતાની વ્યાવસાયિક કારકિર્દીમાં વ્યસ્ત હોવા છતાં ૧૬ વર્ષમાં રમેશે ૬ કાવ્યસંગ્રહ આપણને આપ્યાં અને પોતાની સરકારી નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધા પછી રમેશ પારેખે પોતાનો સાતમો કાવ્યસંગ્રહ 'વિતાન સુદ બીજ' આપ્યો.

૧૯૮૯ માં પ્રસિદ્ધ થયેલ આ કાવ્યસંગ્રહને અપાર સફળતા અને લોકપ્રિયતા મળી. અને રમેશ પારેખ પણ કાવ્યરસિકોમાં ગુજરાતી સાહિત્યના 'કવિવર' તરીકે ઓળખાવા લાગ્યા. ગીત, ગઝલ, મુકતક, અછાંદસ તથા દોહાઓ જેવા સ્વરૂપો કાવ્ય રચનાઓ આ સંગ્રહમાં મળી આવે છે. આ દરેક રચનામાંથી કવિનો આગવો મિજાજ ચિત્રિત થાય છે.

જેમાં ૬૧ જેટલી ગઝલો, ૨૪ જેટલા અછાંદસ કાવ્યો, ૪૪ જેટલી ગીત રચનાઓ ઉપરાંત મુકતક અને દોહા જેવી કેટલીક રચનાઓનો સમાવેશ થાય છે. આમ, વિષય વૈવિધ્યની સાથે, સ્વરૂપ વૈવિધ્ય પણ આ સંગ્રહને સુંદર બનાવે છે.

'વિતાન સુદ બીજ સંગ્રહને ઈ.સ. ૧૯૯૩ માં 'રાજકુમાર ભુવાલકા' એવોર્ડ, તથા "સાહિત્ય અકાદમી - દિલ્હી' દ્વારા એવોર્ડ પ્રાપ્ત થયો. રમેશ પારેખના મસ્તિસ્ક પર વધુ એક તાજ સફળતાનાં સ્વરૂપમાં મુકાયો.

ઈ.સ. ૧૯૯૧ રમેશ પારેખે પોતાની જિંદગીનાં પાંચ દાયકા પૂર્ણ કરી વનપ્રવેશ કર્યો. આ પ્રસંગે તેમનાં ૧૯૭૦ થી ૧૯૮૯ સુધીમાં પ્રગટ થયેલા કાવ્ય સંગ્રહોનો સમુચ્ચય "છ અક્ષરનું નામ' પ્રગટ થયો. ચાર જ વર્ષનાં ટૂંકા ગાળામાં ૧૯૯૨, ૧૯૯૪ અને ૧૯૯૫ માં તેની ત્રણ આવૃત્તિઓ થઈ. જે કદાચ ગુજરાતી સાહિત્ય જગતમાં વિક્રમ છે...!

ઈ.સ. ૧૯૯૫ માં કાવ્ય સંગ્રહ 'લે, તિમિરા ! સૂર્ય !' અને ૧૯૯૮ માં 'છાતીમાં બારસાખ' કાવ્ય સંગ્રહો પ્રગટ થયાં. 'છાતીમાં બારસાખ' સંગ્રહને ત્રણ વિભાગોમાં વહેંચી આપ્યો છે. અછાંદસ, ગીત અને ગઝલ એમ ત્રણ વિભાગોમાં કેટલાંક શ્રેષ્ઠ કાવ્યો ગ્રંથસ્થ થયાં છે. ૧૯૯૯ માં રમેશ પારેખ 'ચશમાનાં કાચ પર' સંગ્રહ આપે છે. પ્રસિદ્ધ થયેલા કાવ્યસંગ્રહોમાં કવિ રમેશ પારેખનો આ અંતિમ કાવ્ય સંગ્રહ છે. અલબત આ પછી તેમની કાવ્યપ્રવૃત્તિ તો ચાલુ જ હતી, પરંતુ સંગ્રહસ્થ થઈ નહોતી.

ગુજરાતી કવિતાક્ષેત્રે રમેશ પારેખે ઘણું આપ્યું છે, છતાં ઉત્તમ આપ્યું છે. એમનું દરેક કાવ્ય પોતાની અલગ વિશેષતા સાથે પ્રગટયું છે. રમેશ પારેખે વિવિધ વિષયોને પોતાની પ્રયોગશીલ લઢણ દ્વારા કાવ્યરૂપે ઉતારેલ છે. જેમાં ગીત, ગઝલ, અછાંદસ, મુકતક વગેરે જેવા સ્વરૂપોનો આશ્રય લીધો છે. રમેશ પારેખ ગુજરાતી કવિતાક્ષેત્રે જે આપ્યું છે, તે ગુજરાતી સાહિત્યનાં અલંકારરૂપ છે એ વાત નકારી શકાય નહીં.

**સંદર્ભ**


1. "ભાતીગળ સૌરાષ્ટ્ર" – સૌરાષ્ટ્ર સંસ્કૃતિ ફાઉન્ડેશન, વર્ષ ૨૦૦૬, અંક ૩૪, પૃ. ૪૦
2. 'ખડિંગ', રમેશ પારેખ, પ્રકાશન વર્ષ ૧૯૭૯, પૃ. ૧૪૩.
3. "વરસાદ ભીંજવે", સંપાદકઃ સુરેશ દલાલ, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, વર્ષઃ ૧૯૯૦ (પ્ર.આ.), પૃ.૧૦૨
4. "ચપટી વગાડતાં આવડી ગઈ", રમેશ પારેખ, પ્રકાશકઃ પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પ્રકાશન વર્ષ ૧૯૯૭, પૃ.૪
5. "ચપટી વગાડતાં આવડી ગઈ", રમેશ પારેખ, પ્રકાશકઃ પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પ્રકાશન વર્ષ ૧૯૯૭, પૃ.૪
6. "ચપટી વગાડતાં આવડી ગઈ", રમેશ પારેખ, પ્રકાશકઃ પ્રવિણ પ્રકાશન, રાજકોટ, પ્રકાશન વર્ષઃ ૧૯૯૭, પૃ.૪
7. "હાઉક", રમેશ પારેખ, પ્રકાશકઃ અસાઈત સાહિત્ય સભા, ઊંઝા, વર્ષઃ ૧૯૭૯, પૃ. ૮ ૭.
8. "શી", રમેશ પારેખ, પ્રકાશકઃ પ્રવીણ પ્રકાશન, પ્રકાશન વર્ષઃ ૧૯૮૦, પૃ. ૨૨
9. "હાઉક", રમેશ પારેખ, અસાઈત સાહિત્ય સભા, ઊંઝા, ૧૯૭૯ (પ્ર.આ.), પૃ. ૨૫
10. "હાઉ", રમેશ પારેખ, પ્રકાશકઃ અસાઈત સાહિત્યસભા ઊંઝા, વર્ષ ૧૯૭૯ (પ્ર.આ.), પૃ. ૨૨
11. "જંતર મંતર છૂ" રમેશ પારેખ, અનાયાસ પ્રકાશન, અમદાવાદ, વર્ષ : ૧૯૯૦, પૃ. ૨૫.